

# DEFENCE જિનશાસન


માર્ગદર્શન : અનેક ગીતાર્થ ગુરુ ભગવંતો ✍ પ્રકાશક : ગિરિરાજ ગુંજન ગ્રુપ ✍ મૂલ્ય : ૫ રૂ.



સંપર્ક : અમદાવાદ – કૃણાલભાઈ શાહ – ૯૭૧૨૯૦૩૫૩૩, સુરત : નમનભાઈ શાહ – ૭૦૬૯૨૦૧૭૦૫, મહેસાણા : નેમિલભાઈ શાહ – ૮૪૮૮૦૨૬૩૦૬, ભાવનગર : અલ્પેશભાઈ શાહ – ૯૮૭૯૨૦૫૨૨૦, મુંબઈ : જીમિતભાઈ દોશી – ૮૯૨૮૪૫૭૭૪૬


## સાચો સેવક તેહ જે 'સેવ' કરે સદા

દેરાસરના એક ખૂણામાં આગ લાગી છે.
બૂમાબૂમ થાય છે,
બધા ભક્તો એક સાથે દોડે
તો જ કામ થાય એમ છે.
પણ ભક્તોને પૂજાની
લાઈનમાં નંબર ગુમાવવો નથી.
ભક્તોને માંડ નંબર લાગ્યો છે
તો પ્રભુને મન ભરીને મળી લેવું છે.

ભક્તો એક એક અંગે ૧૫-૧૫ સેકંડ સુધી
આંગળી મુકી રાખી પૂજા કરી રહ્યા છે
ભક્તો મઘમઘતા ફૂલહારો
પ્રભુને પહેરાવી રહ્યા છે.
આગ વધી રહી છે....

"અરે બધા જલ્દી આવો...
એક સામટા પાણી છાંટો...
બધું જ ખલાસ થઈ જશે...
કોઈ ફાયરબ્રિગેડને બોલાવો..."

રીતસરની ચીસો પડી રહી છે...
પણ...
ભક્તોને ભક્તિ છોડવી જ નથી...
ના... સાચું કહું તો
ભક્તોને ભક્તિ કરવી જ નથી...
એમને ફક્ત પોતાની જડતામાં રાચવું છે...

"કરનારા કરશે...
ટ્રસ્ટીઓની ફરજ છે..
હું તો ભક્તિ (?) માટે આવ્યો છું.
મારી પાસે લિમિટેડ ટાઈમ છે,
તો ભક્તિ (?) જ કરી લઉં ને ?
આ ફાયરબ્રિગેડને લાવવા દોડધામ કરું,
એના માણસોને પૈસા વેરું...
એના કરતા દાદાનો એક સરસ (?)
ચડાવો જ ન લઈ લઉં ?..."

વાત આપણા 'મહાતીર્થ'ની છે...
જો આપણી દશા આ જ છે,
તો આપણે સાચા સેવક નથી,
કદાચ ઠગ-ભગત પણ નથી,
પણ એક અપેક્ષાએ દુશ્મન છીએ.

## Real Question

"તમે
તમારા છોકરાની
બર્થ-ડે પાર્ટી
જબરદસ્ત થઈ જાય,
એ માટે આટલી
મહેનત કરી રહ્યા છો,
પણ શું તમને ખબર નથી ?
કે એનો આટલો ભયંકર
એક્સીડન્ટ થઈ ગયો છે ?
એનું હાડકું તૂટી ગયું છે,
એનું ઘણું બધું લોહી વહી ગયું છે.
એ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.
એને જલ્દીથી હોસ્પિટલમાં
એડમીટ કરવાની જરૂર છે.
એને ઓપરેશનની અને સારવારની જરૂર છે.
તમને કાંઈ સંભળાય છે કે નહીં ?
કોને ફોન કરી રહ્યા છો તમે ? ૧૦૮ ને ?"
"ના"
"તો... ડોક્ટરને ?"
"તો પછી કોને ફોન કરી રહ્યા છો ?"
'કેક વાળાને'
દીકરાનું જીવન જ જોખમમાં હોય,
ત્યારે બર્થડે પાર્ટીની તૈયારીઓ કે
એના બેસ્ટ સેલિબ્રેશનનો
સીધો અર્થ મૂર્ખામી થાય છે.

આજે 'મહાતીર્થ'ની એ જરૂર છે.
કે તમારો સમય નવ્વાણુ કે છૂટક જાત્રા કરતા
એની રક્ષા માટે આપો.

આજે 'મહાતીર્થ'ની એ જરૂર છે.
કે તમારી સંપત્તિ ચડાવા કે
નાના/મોટા અનુષ્ઠાનો કરતા
એની રક્ષા માટે આપો.
કેટલાક યુવાનો ખૂબ સમજણ અને વિવેકપૂર્વક
દીર્ઘદૃષ્ટિ સાથે મહાતીર્થ-રક્ષાનું
નક્કર કાર્ય કરી રહ્યા છે.

તમારામાં થોડોક પણ વિવેક હોય,
ભક્તિ હોય તો એમની સાથે જોડાઈ જાઓ.
હવે ખરો સવાલ પાર્ટી
કેવી થશે એ છે જ નહીં,
દીકરો બચશે કે નહીં એ જ છે.

## Your Choice


ગિરિરાજ
વિષે મળતી
એક પ્રાચીનતમ
શાસ્ત્રીય કૃતિ
એટલે સારાવલી પ્રકીર્ણક સૂત્ર
આ સૂત્રની ૬૯ મી ગાથામાં
એક અદ્‌ભુત વાત કરી છે.

**पूयाकरणे पुण्णं एगगुणं, सयगुणं च पडिमाए ।**
**जिणभवणेण सहस्सं, ऽणंतगुणं पालणे होइ ॥**

પૂજા કરવાથી જે પુણ્યની પ્રાપ્તિ થાય છે.
તેના કરતાં ૧૦૦ ગણું પુણ્ય
પ્રતિમા ભરાવવાથી મળે છે.
તેના કરતાં ૧૦૦૦ ગણું પુણ્ય
જિનાલય બનાવવાથી મળે છે
અને
તેના કરતાં અનંતગણું પુણ્ય
જિનાલય/પ્રતિમા/તીર્થની
રક્ષા કરવાથી મળે છે.
બીજા શબ્દોમાં કહીએ તો
આખા દરિયા જેટલું કેશર વપરાય
એટલી પૂજાઓ કરીએ
એના કરતા પણ 'રક્ષા' નું પુણ્ય વધારે છે.
આખી ધરતીને જિનાલયોથી મઢી દઈએ
અને એક એક જિનાલયમાં
૧૦૮-૧૦૮ પ્રતિમાઓ ભરાવીએ
એના કરતા પણ 'રક્ષા' નું પુણ્ય વધારે છે.
રક્ષાની તાતી જરૂર હોય એ સમયે પણ
રક્ષા ખાતર ન એક રૂપિયો આપવો
ને ન એક દિવસ આપવો.
ને આપણી માનેલી ભક્તિમાં જ લીન રહેવું.
એ હકીકતમાં ભક્તિ જ નથી.
એ ઉપેક્ષા છે, અવગણના છે,
ને હજી સૂક્ષ્મદૃષ્ટિએ જોઈએ
તો મહાતીર્થના વિનાશની
અનુમોદના પણ છે અને
મહાતીર્થ પ્રત્યેની શત્રુતા પણ છે.
આપણે શું કરવું,
એ આપણે નક્કી કરવાનું છે.



## વિમલાચલ નિતુ વંદીએ કીજે એહની સેવા




આપણે બધા ગિરિરાજ ને દાદાના પરમ ભક્ત છીએ. નિયમિત જાત્રા કરીએ.
પરસેવો પાડીને ઉપર પહોંચીએ. ગમે તેટલા હાંફીએ તો ય ઉલ્લાસથી ચડીએ શક્તિ ઉપરાંત રૂપિયા વાપરીએ.
સગવડ હોય તો મોટા ચડાવાથી માંડીને મોટા અનુષ્ઠાનો કરાવવા સુધી બધું જ કરી છૂટીએ.
લાખ રૂપિયાનો પ્રશ્ન આ છે કે આપણે આજ સુધીમાં 'સેવા'ના નામે શું કર્યું ?
North અને South થી ૧૫૦૦-૨૦૦૦ કિ.મી.થી યુવાનો ૩ દિવસ ગિરિરાજ સેવા માટે આવી રહ્યા છે.
આપણે નજીક રહીને પણ કેટલા દિવસ સેવા કરી ? ના, આ જાત્રાની વાત નથી.
તમે નવ્વાણુ કરી આવ્યા કે છટ્ઠ કરીને સાત જાત્રા કરી આવ્યા એની પણ આ વાત નથી.
આ વાત છે ગિરિરાજની સેવાની સારી વ્યવસ્થામાં અને સુરક્ષામાં
આપણા યોગદાનની જો એના નામે આપણી પાસે મીંડાથી વધુ કશું જ નથી,
જો આપણને એની કાંઈ પડી જ નથી, જો આપણી આવી જ વૃત્તિ છે કે હું તો મારી જાત્રા કરીને છૂટ્ટો.
એ બધું હું કાંઈ ન જાણું, તો એ જાત્રા પણ જાત્રા મટીને સ્વાર્થ બની જશે.

**ભીતરમાં 'સેવા' જગાડો. 'સેવા'ને પ્રોયોરિટી આપો.**
**'સેવા' વિના મેવા મળવાના નથી.**

## Giriraj Says

## મારી સુરક્ષા થઈ શકશે સંવેદના અને સમજણના સમન્વયથી.

યા તમારી અંદર કોઈ આંદોલન જ ન જાગે ને
યા તમે આંધળુકિયા કરીને આંદોલન છેડી દો આ બંને વસ્તુ નુકશાનકારક છે.
આંતરિક આંદોલન એટલે સંવેદનાના તાર રણઝણવા.
મારા પરની આપત્તિથી દુઃખી દુઃખી થઈ જવું,
જો તમે રીઢા થઈ ગયા છો, તો તમને આવું કશું નહીં થાય.
આ વસ્તુ પણ ભયંકર છે. અને તમે વિવેક અને સમજણ વિના આંદોલન શરૂ કરી દો,
દીર્ઘદૃષ્ટિ વિના એમ ને એમ કૂદી પડો, આ વસ્તુ પણ ભયંકર છે. કેટલાંક લોકોમાં ભારોભાર સમજણ છે.
પણ હું જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હોઉં તો ય એમને કોઈ ફરક પડતો નથી.
જેમ રીઢાપણાથી મારી સુરક્ષા શક્ય નથી. તેમ એકલી સંવેદનાથી કે એકલી સમજણથી પણ મારી સુરક્ષા શક્ય નથી.
મારી સુરક્ષા થઈ શકશે સંવેદના અને સમજણના સમન્વયથી.
જ્યાં આ સમન્વય હોય છે. ત્યાં પરફેક્ટ પુરુષાર્થ સાકાર થાય છે. અને જ્યાં પરફેક્ટ પુરુષાર્થ સાકાર થાય છે
ત્યાં ૧૦૦% સફળતા મળે છે. આશાના આ કિરણને સૂરજ બની જવા દો' બધું જ અંધારું વીખેરાઈ જશે.

## તમે... હા, હું તમારી જ વાત કરી રહ્યો છું તમે જો હું કહું છું એમ કરો તો મારી રક્ષા ૧૦૦% થઈ જાય તેમ છે.

## Giriraj Says

### બોલો, આટલું કરશો ?

(૧) તમે મારી જાત્રા માટે જે સમય આપો છો કે મારી છાયામાં રહેવા માટે જે સમય આપો છો, તે સમય મારી રક્ષા માટે આપવાનો ચાલુ કરી દો.
(૨) રોજ Min. ૫ મિનિટ કાઢીને મારા મહિમાનો વિવિધ માધ્યમો દ્વારા પ્રસાર કરો.
(૩) તમે નાનું/મોટું જે પણ અનુકંપાદાન કરો, તે મારી રક્ષા માટે પ્રયત્નશીલ યુવાનોની સાથે મારા પરિસરમાં કરો.
(૪) રવિવારે અને બીજા પણ રજાના દિવસે Max. સમય મારી રક્ષાના કાર્યમાં લગાડી દો.
(૫) તમારી રજાના/વિવિધ યાત્રાઓના/હરવા-ફરવાના દિવસોને ભેગા કરીને કમ સે કમ ચાર-છ મહિને સાત-આઠ દિવસ મારા પરિસરમાં રક્ષાકારી યુવાનો સાથે રહો અને તેમને સહયોગ આપો.
(૬) તમારા પરિવાર -મિત્રાદિ વર્તુળમાં આ પાંચે મુદ્દાનો પ્રચાર કરી તેમની પાસે આવો સંકલ્પ લેવડાવો અને તેમને પણ આનો પ્રસાર કરવા કહો.

**મરેલા વિચારોને છોડો, રગ રગમાં જિનશાસનનું જોશ ભરો,**
**ઉછળતા ઉલ્લાસથી બધી જ શક્તિ લગાવીને કામે લાગો,**
**સફળતા આની જ પ્રતીક્ષા કરી રહી છે. સફળતાને આથી વધુ કોઈ જ અપેક્ષા નથી.**

# ગિરિરાજ Says

યા દ્રવ્ય ફાળવણી થતી જ ન હોય
ને યા ફક્ત તીર્થ/જિનાલય નિર્માણ
અને જીર્ણોદ્ધારમાં જ થતી હોય,
તો રક્ષા કઈ રીતે થશે ?

બનાવો, જીર્ણોદ્ધાર કરો, પણ બચાવો જ નહીં,
તો તીર્થ કેવી રીતે ટકશે ?
કોમનસેન્સથી પણ સમજી શકાય એમ છે
કે એક નિર્માણની અરજી હોય,
એક જીર્ણોદ્ધારની અરજી હોય,
અને એક રક્ષાની અરજી હોય,
એક જ જગ્યાએ સારી ફાળવણી કરવી શક્ય હોય
તો 'રક્ષા'ના ક્ષેત્રમાં
જ ફાળવણી કરવી જોઈએ.
મારે દુનિયાભરના વહીવટદારોને
એક પ્રશ્ન પૂછવો છે
કે તમે 'રક્ષા' માટે આજ સુધીમાં
કેટલી ફાળવણી કરી ?
૧% પણ ખરી ?
ના ? બિલકુલ નહીં ?
તો તીર્થ બચશે કઈ રીતે ?
એની કોઈ અરજી જ નથી આવતી ?

**Well,**
તો એનો અર્થ શું એ છે કે
રક્ષાના ક્ષેત્રે કોઈ જરૂર જ નથી,
કે પછી એ છે કે
રક્ષા માટે લોહી-પાણી એક કરતા અને ગાંઠના
રૂપિયા ખરચતા એ મારા પરમ ભક્તોને
રક્ષા માટે પુષ્કળ જરૂર હોવા છતાં
તમારી પાસેથી કોઈ આશા નથી.
તમે સિરિયસલી વિચારશો ?

એક માણસ મરી રહ્યો છે.
એની પ્રોપર્ટી ઘણી બધી છે.
પણ એમાંથી એની
દવા-સારવાર કરવી જ જોઈએ,

આટલી વાત એના વહીવટદારોને સમજાતી નથી.
''હા, એ માણસના કપડા-ઘરેણાં-
બંગલા બનાવવા હોય તો બોલો,
બધી જ તૈયારી છે.
દવા-સારવાર માટે કાંઈ જ થઈ શકે તેમ નથી.''

બોલો,
મારી બાબતમાં આવું જ થઈ રહ્યું હોય
એવું નથી લાગતું ?

## મારી જાત્રામાં લાખો
## મારા જતનમાં ખો ખો.






દેશના અને વિશ્વના
મોટા ભાગના વહીવટદારોની
પરિસ્થિતિ એવી છે
કે એમનામાં શાસન સંવેદના નથી
અને એમને આપવી પણ શક્ય નથી.
ઘણું છે પણ કશું કામ લાગે તેમ નથી
એવું દુઃખદ દૃશ્ય છે.
મોટા ભાગના શ્રીમંતો દીકરાને
મોં-માંગી બિનજરૂરી ૨૧/૩૧/૪૧ લાખની
ગાડી અપાવી શકે છે.
પણ શાસનરક્ષા માટે તાતી જરૂરિયાત હોવા છતાં
૨૧/૩૧/૪૧ હજાર કે
સો આપવાનો એમને ઉલ્લાસ નથી.
**તો હવે બાકી રહ્યા મધ્યમવર્ગીયો**
**તેઓ વિચારે છે કે આપણાથી શું થાય ?**
**હું કહું છું ઘણું થાય.**
સાપનું મડદું પડ્યું છે, તેનો નિકાલ કરવાનો છે.
મોટા પ્રાણીઓ/પંખીઓ
એકલપંડે આ કાર્ય કરી શકે છે, પણ નથી કરતા.
કીડીઓ કામે લાગે છે.
હજારોની સંખ્યામાં ભેગી થાય છે.
સાપને ઘેરી વળે છે અને ચમત્કાર...
સાપનું મડદું ઝપાટાબંધ આગળ વધવા લાગે છે.
ને એનો નિકાલ થઈ જાય છે.
જો મધ્યમવર્ગીયો
આ રીતે કામે લાગે તો ગેરન્ટી સાથે
મારા પરની મુસીબતોના બધાં જ
મડદાઓનો નિકાલ થઈ જાય તેમ છે.
બોલો કરવો છે નિકાલ ?
એટલું નક્કી કરો
**પ્રતિદિન Min. ૧ રૂપિયો**
શાસનરક્ષા માટે આપવો.
તમારી વધુ શક્તિ હોય તો
૨/૫/૧૦/૨૦/૩૦/૫૦/૧૦૦ રૂ. પણ અપાય.
જેવી તમારી શક્તિ.
તમે તમારા ખર્ચા ઘટાડો...
મોજ-શોખ પર કાપ મુકો...
ચડાવા વગેરે હાલ પુરતા ગૌણ કરો.
તીર્થરક્ષાની સંવેદનાને
તમારી રગ રગમાં ભરી દો.
અને તમારા જેવા લાખોને ભેગા કરો.
તો કશું જ અશક્ય નથી.
ને જો તમારામાં પણ કોઈ સંવેદના નથી,
**તો પછી મારે પતી જવાનો**
**એક જ વિકલ્પ બાકી રહે છે.**

(પાલીતાણાની દરેક ધર્મશાળાની દરેક રૂમમાં લગાડવા જેવું પોસ્ટર/બેનર)

# Welcome To Palitana

## સાધનાની સપ્તપદી

સિદ્ધાચલ મહાતીર્થમાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત છે.
આપની યાત્રા સર્વોત્તમ ફળદાયક બની રહે
એ માટે અહીં પ્રસ્તુત છે.

### 7 Tips

(૧) આ સમગ્ર ડુંગર દેરાસર છે, આ ડુંગરનો કણ કણ ભગવાન છે.

(૨) જે વસ્તુ દેરાસરમાં ન કરાય, તે આ ડુંગર પર પણ ન કરાય. Like " ખાવું, પીવું, એકી, બેકી, પુરુષ-સ્ત્રીનો પરસ્પર સ્પર્શ, ફિલ્મી ગીતો સાંભળવા, ગેઝેટ પર પ્રોગ્રામ્સ જોવા, વેસ્ટર્ન ડ્રેસ પહેરવો, ડાયપર-બોટલ-રેપર વગેરે કચરો ફેંકવો. બૂટ-ચપ્પલ પહેરવા. etc. ! આવું કશું પણ આ ડુંગર પર ન કરાય. બસ, પગલે પગલે ''જય ગિરિરાજ''- ''જય આદિનાથ'' બોલો અને આગળ વધો.

(૩) તમારી સ્ટેમિના ઓછી પડે તો તમે લિમિટેડ પાણી પીવાની છૂટ રાખી શકો અને કપડાના પગરખા પહેરવાની છૂટ રાખી શકો, આથી વધુ કોઈ જ છૂટ ન લેશો.

(૪) આ મહાતીર્થની ફરતે - બધી બાજુ ૫૦ કિ.મી. સુધીના પરિસરમાં - રાત્રિભોજન, કંદમૂળ-અભક્ષ્ય-બજારુ ખોરાકનું ભક્ષણ, મૈથુન સેવન, મોબાઈલ પર ગંદા દશ્યો-શ્રવ્યો-જોવા-સાંભળવા, બીજાની નજર બગાડે એવા કપડા પહેરવા - વગેરે કોઈ પણ પાપ કરવાથી ભયંકર દુઃખોને આમંત્રણ અપાય છે. તમારે જો દુઃખી દુઃખી ન થવું હોય, તો આવું ભૂલે-ચૂકે પણ કરશો નહીં.

(૫) તમે અહીં ફરવા નથી આવ્યા, પાપો બાંધવા નથી આવ્યા, સાંસારિક પ્રવૃત્તિઓ કરવા નથી આવ્યા, તમે પાપોને ધોવા માટે આવ્યા છો, તમારા અનંત ભવિષ્યને સુધારવા આવ્યા છો, આવું સતત યાદ રાખશો.

(૬) તીર્થના કોઈ પણ સ્ટાફ કે સ્થાનિક લોકો સાથે આદર પૂર્ણ અને સ્નેહાળ વર્તન કરી તેમને પણ ગિરિરાજના અને દાદાના ભક્ત બનાવવાનો ભાવ રાખશો તો તીર્થરક્ષાનું મહાપુણ્ય મળશે તથા તેમના આત્માનું પણ કલ્યાણ થશે.

(૭) **अन्यस्थाने कृतं पापं तीर्थस्थाने विमुञ्चति ।**
**तीर्थस्थाने कृतं पापं वज्रलेपो भविष्यति ।**
અન્ય સ્થાને કરેલા પાપને તીર્થસ્થાને ધોવામાં આવે છે. પણ જે મૂર્ખ તીર્થસ્થાનમાં આવીને ય પાપ કરે તેનું પાપ વજલેપ જેવું બની જાય છે. તે પાપને તો રોઈ રોઈને પણ ભોગવવું જ પડે છે.

**Plz. Be Alert. Be smart.**
તમે અહીં લખલૂટ કમાણી કરવા આવ્યા છો, દેવાળું કાઢવા નહીં,
શુદ્ધ ભારતીય મર્યાદાસભર પરિધાન,
ભગવાનની આજ્ઞાનું વિશુદ્ધ પાલન અને ઉત્કૃષ્ટ ભક્તિભાવ...
તમે આટલું કરી શકો, તો તમે કમાઈ ગયા,
તમે ન્યાલ થઈ ગયા.
*Wish You all the best.*

**પ્રશ્ન :- વિ.સં. ૨૦૭૨ ના શ્રમણસંમેલનના નિર્ણય મુજબ તીર્થરક્ષા માટે શત્રુંજયની શિલા પોતાના ગામમાં આરાધના માટે લઈ જવાનો પણ નિષેધ કરાયો છે. છતાં પાલીતાણામાં જિનાલય, ધર્મશાળા, ભોજનશાળા વગેરેમાં શત્રુંજયની શિલાઓનો જાણે કે અજાણે ઉપયોગ થયો હોય- થતો હોય તો શું કરવું જોઈએ ?**

**ઉત્તર :-** પહેલાં તો - ખૂબ જ ચીવટ રાખીને તેનો ઉપયોગ થવા જ ન દેવો જોઈએ. સિદ્ધાચલ મહાતીર્થમાંથી જિનાલય માટે પણ પથ્થરો વાપરવા એ મહાતીર્થના વિનાશના નિમિત્ત તરીકે ઘોર-આશાતના સ્વરૂપ છે. તો પછી ધર્મશાળા-ભોજનશાલા વગેરેમાં વાપરવાનો તો સવાલ જ ક્યાં આવે છે ? શત્રુંજય માહાત્મ્યમાં પણ - **प्रस्तरा नैव क्रष्टव्याः** વગેરે વિધાનો દ્વારા આવી પ્રવૃત્તિનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

છતાં જે ધર્મશાળા-ભોજનશાળામાં આવા પથ્થરો વપરાઈ જ ગયા હોય ત્યાં વધુ દોષથી બચવા માટે બે વિકલ્પો છે.

(૧) આખું મકાન ઉતારી લઈને શત્રુંજયની શિલાઓને બહુમાનપૂર્વક પાછી એમના સ્થાને પધરાવી દેવી.

(૨) એ શક્ય ન હોય તો તે મકાનને જિનાલયતુલ્ય/ગિરિરાજતુલ્ય દરજ્જો આપવો. અર્થાત્ તેમાં પૂજા, ચૈત્યવંદન, જાપ વગેરે આરાધના જ થઈ શકે. ખાવું, પીવું, સૂવું, રહેવું લઘુશંકા-વડી શંકા માટે જવું, કોઈ પણ સાંસારિક પ્રવૃત્તિ કરવી - વગેરે ત્યાં ન જ કરી શકાય એવો નિયમ બનાવવો. તે સ્થાને તે નિયમ ઠેર ઠેર લગાડવો અને તેનો ચુસ્ત અમલ કરાવવો.

મહાતીર્થના વિનાશનું ઘોર પાપ અને આશાતનાનું ઘોર પાપ આ બેથી બચવા માટે આવા સ્થાનમાં રહેવા-જમવાનો સદંતર ત્યાગ કરવો જોઈએ. તમારા ગામ/શહેરમાં લાવેલ શત્રુંજયની શિલા સમક્ષ તમે જે પ્રવૃત્તિ કરતા હો, એ જ પ્રવૃત્તિ આવી ધર્મશાળા વગેરેમાં કરવી જોઈએ. એ સિવાય કશું ન કરવું.

## એક કાલ્પનિક સત્ય ઘટના

**ભક્ત :** હે સીમન્ધરસ્વામી ભગવાન ! હાલ પૂજા ય ખુલ્લી થઈ ને ચોમાસું ય નજીક હતું. એટલે અમે પાલીતાણાની જાત્રા કરી આવ્યા. બહુ સરસ કામ થઈ ગયું.

**ભગવાન :** કપડાં કેવા પહેર્યા હતા ?

**ભક્ત :** એ તો અમારે હવે બધું એવું જ ચાલે છે.. હવે આપની આગળ ક્યાં છૂપાવવું ? સાવ બેહુદા.. બીજાની નજર બગડે એવા ચુસ્ત/ટૂંકા વેસ્ટર્ન કપડાં.

**ભગવાન :** તમારું જાત્રાનું ૮૦% ફળ બળીને ખાખ થઈ ગયું. ઘરેથી જ સંસ્કારી મર્યાદાશીલ ભારતીય વસ્ત્રોમાં માથે ઓઢીને નીકળ્યા હોત તો આવું ન થાત. તીર્થોપવાસ કર્યો હતો ?

**ભક્ત :** ના રે ના ભગવાન, અમે તો ટ્રેનમાં રાતે ય ખાધું, સવારે છ વાગે ટ્રેનમાં નાસ્તો ય કરી લીધો. પહોંચીને સીધી જાત્રા થાય ને ? ને જાત્રા પછી ય અભક્ષ્ય-રાત્રિભોજન તો ખરું જ. આ જીભડી એમ ને એમ તો જંપે નહીં.

(અનુસંધાન ભાગ-૫ પર)

# એક કાલ્પનિક સત્ય ઘટના

(ચોથા પાનાથી ચાલુ)

**ભગવાન :** તમારું બાકીનું ૨૦% ફળ પણ બળી ગયું, ને ઉપરથી બીજા ૧૨૦% નું પાપ બાંધ્યું. તીર્થમાં તો પાક્કો ઉપવાસ કરવો જોઈએ. એ શક્ય ન હોય તો શુદ્ધ કલ્પ્ય પરિમિત વસ્તુથી આયંબિલ, એકાસણું કે બિયાસણું કરવું જોઈએ. એ પણ ન થાય તો શુદ્ધ કલ્પ્ય પરિમિત વસ્તુથી નવકારશી કરવી જોઈએ. તમારી દશા તો એવી થઈ કે ધંધો કરવા ગયા ને દેવાળું કાઢીને આવ્યા. ત્યાં બીજી કોઈ ગરબડ તો ન'તી કરીને ?

**ભક્ત :** ભગવાન ! આપ તો બધું જાણો જ છો એટલું ખોટું તો શું કહીએ ? અમે તો વિજાતીયનો હાથ પકડીને ય ચડીએ, એનો ટેકો ય લઈએ, બેફામ પિકનિક પોઈન્ટની જેમ ગિરિરાજના પરિસરમાં અમારા ફોટા ય પડાવીએ, રાતે ધર્મશાળામાં હોટલ/રિસોર્ટની જેમ પણ વર્તીએ, અને મોબાઈલ પર ગમે તેવા પ્રોગામ પણ જોઈએ.

**ભગવાન :** તમે સંસારમાં બાંધેલા પાપોને ધોવા ગયા હતાં ? કે સંસારમાં ય ન બાંધી શકાય એટલા બધા ચીકણા પાપો બાંધવા ગયા હતા. તમને ખબર છે ?

अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विमुच्यति ।
तीर्थस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ।।

જે પાપ અન્યસ્થાને કર્યું હોય,
તે પાપ તીર્થસ્થાને ધોઈ શકાય છે.
પણ જે પાપ તીર્થસ્થાને કર્યું હોય,
તે તો વજ્રના લેપ જેવું બંધાય છે.
એ પાપ ક્યાંય ધોવાઈ
શકતું નથી,
ભયંકર દુઃખો
ભોગવીને રોઈ રોઈને
રિબાઈ રિબાઈને
એ પાપનું ફળ
ભોગવવું પડતું
હોય છે.

વત્સ !
આ તીર્થનું નામ સિદ્ધાચલ છે.
તમે અહીં તો સીધા ચાલો.
તમે સમજી લો કે શત્રુંજય એ તમારી સંવત્સરી છે.
શક્ય હોય તો ત્યાં ઉપવાસ જ કરાય, કમ સે કમ
તેના ૫૦ કિ.મી.ના પરિસરમાં
અભક્ષ્ય-રાત્રિભોજન ન જ થાય.
તમે સમજી લો કે શત્રુંજય એ તમારું સંયમજીવન છે.
તેના ૫૦ કિ.મી.ના પરિસરમાં
વિજાતીયનો સ્પર્શ પણ ન કરાય.
તમે સમજી લો કે શત્રુંજય એ તમારું સાધનાજીવન છે.
તેના ૫૦ કિ.મી.ના પરિસરમાં
પોતાના ફોટા પડાવવા,
વેસ્ટર્ન કપડા પહેરવા, મોબાઈલ મચડવા,
મજાક-મશ્કરી કરવી વગેરે તો ન જ કરાય.

વત્સ !

હું અહીં મહાવિદેહમાં ગિરિરાજના અને ભરતક્ષેત્રના લોકોના સૌભાગ્યના વખાણ કરું છું. અહીંના ભાવિકો તમારા સૌભાગ્યની ઈર્ષ્યા કરે છે અને તમે આવું ઉત્કૃષ્ટ તીર્થ પામીને એની જાત્રાના નિમિત્તે જ એની આટલી બધી ઘોર આશાતના કરો છો ?

બસ, હવે બહુ થયું, હવે સંકલ્પ કરો, ઘરેથી નીકળો ત્યારથી એકદમ સીધા ચાલો. તો જ તમને આ સિદ્ધાચલ ફળશે. નહીં તો આ પાપો તમને ખૂબ ભારે પડી જશે.

**જોયા કરવું
એ ઝેર છે,
જતન કરવું
એ અમૃત છે.**

**આપણે કરેલી
જાત્રાઓને ખરેખર
અમૃત બનાવવી હોય
તો તીર્થ-ઉપેક્ષાનું
ઝેર પીવાનું
છોડી દઈએ.**

આપણે
આપણને પૂછીએ
તીર્થરક્ષા માટે આપણે
કેટલો સમય આપ્યો ?
ને કેટલી સંપત્તિ આપી ?



ન આપણે શાસનના
કામો માટે આગળ આવીએ
ન આગળ આવનારાઓને
પીઠબળ પણ આપીએ
શાસન સીદાતું હોય
એની આપણને કોઈ પીડા ય ન હોય
તો
આપણે શાસનના સભ્ય ?
કે શાસનના દુશ્મન ?

આપણે
આપણને પૂછીએ,
શું વોચમેન રાખી દેવાથી જ
તીર્થ બચી જશે ?
આપણે એ માટે કશું
કરવાની જરૂર નથી ?

તીર્થની ઉપેક્ષા
આખા ભવિષ્યને
ભયાનક બનાવી દે છે.
તીર્થની ઉપેક્ષા એ ઘરની
અંદર ફીટ કરેલો
ખતરનાક બોમ્બ છે,
એનો જલ્દી નિકાલ કરી દો,
નહીં તો બધું જ
ખલાસ થઈ જશે.

ગિરિરાજના સમગ્ર
ચઢાણ ઉતરાણમાં વાંચી શકાય
એવા સરસ બોર્ડસ
તમે આ પુસ્તકમાંથી મૂકી શકો.
**જ્ઞાન સ્વામિવાત્સલ્ય**
જેનાથી એક એક
યાત્રિક ભાવોથી
તરબતર બની જાય.

ગિરિરાજના પરિસરમાં
નિવાસ કરતી
એક એક વ્યક્તિને
તમે એક પોકેટ બુક આપી શકો.
**Taste જૈનીઝમ**
જેનાથી એ જિનશાસનના
રસાસ્વાદ ને માણીને
એની ગરિમા ને
સમજી શકે.

ગિરિરાજના તળેટી રોડ
અને
અંતરિયાળ રોડ્સ પર તમે
આ પુસ્તકોમાંથી સરસ
બોર્ડસ્ મૂકી શકો
**God મહાવીર in My Eye**
**જૈનીઝમ in My Eye**
જેથી સૌનું હૃદય જિનશાસન
પ્રત્યે અહોભાવથી
ઝૂકી જાય.

**You Can Do**
ગિરિરાજના એક એક યાત્રિકને
તમે એક પોકેટ બુક આપી શકો !
**પાલીતાણા આવો ત્યારે**
જેનાથી ગિરિરાજની આશાતનાઓ ટળે
જેનાથી તીર્થની સમસ્યાઓ ટળે
અને એ યાત્રિકને યાત્રાનું
ઉત્કૃષ્ટ ફળ મળે.

## ઉપેક્ષા - પાપ

भक्खेइ जो उवेक्खइ, जिणदव्वं तु सावओ ।
पण्णाहीणो भवे सो उ, लिप्पइ पावकम्मुणा ॥१०४॥

સંબોધ પ્રકરણમાં
૧૪૪૪ ગ્રંથ કર્તા
પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -
દેવદ્રવ્ય-જિનાલય-તીર્થની સંપત્તિનું
જે ભક્ષણ કરે અને જે એની ઉપેક્ષા
પણ કરે એ શ્રાવક મૂર્ખ બને છે
અને પાપકર્મોથી લેપાય છે.

તીર્થમાં
તોડ-ફોડ કરવી
કે તીર્થમાં તોડ-ફોડ
થતી જોયા કરવી,
ઉપેક્ષા કરવી
આપણી જ શક્તિ હોય,
તે રક્ષા માટે લગાડી ન દેવી,
આ ઘોર પાપનું કારણ છે.
મેં મર્ડર નથી કર્યું એટલું પૂરતું નથી હોતું.
મેં ઠંડે કલેજે મર્ડર જોયા કર્યું
તો પણ હું એટલો જ ગુનેગાર છું.
કંઈ સમજાય છે તમને ?

ગિરિરાજ પરિસરના સર્વ શિક્ષકોને
તમે આ પુસ્તક આપી શકો -
**ચમત્કારોની દિલધડક દાસ્તાન**
**આદિનાથ ને વંદન અમારા**
જેનાથી તેઓ
જૈનત્વનો પરિચય પામી શકે.

ઘર સાથે
આપણને
આત્મીયતા છે,
એમાં તોડ-ફોડ થતી હશે
તો આપણે જાન પટકી દઈશું.
બધી તાકાત લગાડીને એની રક્ષા કરશું,
તીર્થ સાથે આપણને આત્મીયતા ખરી ?
જો આપણને એવી કોઈ જ લાગણી નથી
તો આપણે કરેલી જાત્રાઓનો
શું અર્થ રહેશે ?

## જાત્રાથી વધુ કાંઈ જ નહીં ?

**आयाणं जो भुंजइ, पडिवण्णधणं ण देइ देवस्स ।**
**णस्संतं समुविक्खइ, सो वि हु परिभमइ संसारे ॥११०॥**

સંબોધ પ્રકરણમાં ૧૪૪૪ ગ્રંથ કર્તા
પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -
જે દેવદ્રવ્યની આવક પોતે વાપરે,
અથવા પોતે બોલેલી બોલીની રકમ ન ભરે,
અથવા વિનાશ પામતા દેવદ્રવ્ય-દેરાસર-તીર્થની
ઠંડે કલેજે ઉપેક્ષા કરે,
તે પણ સંસારમાં ભટક્યા કરે છે.

## Giriraj Says

આજે મને નવી
ધર્મશાળાઓની જરૂર નથી
પણ એવી શાળાઓ ની જરૂર છે
જ્યાં મારો ગરિમાપૂર્ણ
પરિચય આપવામાં આવે
ને મારી આશાતનાઓની
કોઈ શક્યતા જ ન રહે.

## શું જોઈએ ?
## ઝેર ? કે અમૃત ?

**सव्वत्थामेण तहिं संघेण होति लग्गियव्वं तु ।**
**सचरितअचरित्तीण उ सव्वेसिं एव कज्जं तु ॥१५७२॥**

પરમ પાવન શ્રીપંચકલ્પ આગમ-ભાષ્યમાં કહ્યું છે -
જ્યારે ચૈત્ય/તીર્થ લૂંટાઈ રહ્યું હોય,
એની સંપત્તિની કે એના અસ્તિત્વની રક્ષાનો પ્રશ્ન
ઊભો થયો હોય,
ત્યારે ત્યાં સંઘે બધી જ શક્તિ લગાડી દેવી જોઈએ,
શ્રમણ હોય કે શ્રાવક, બધાનું આ કર્તવ્ય બને છે.

# ઓ ગિરિરાજ ને દાદાના ભક્તો ! જરા ધ્યાનથી સાંભળો...

## હળાહળ ઝેર

एवं जो जिणदव्वं तु, सड्डो भक्खे उविक्खए।
विसं सो भक्खए बालो, जीवियट्ठी ण संसओ ॥ १३५ ॥

પરમ પાવન શ્રી શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ કહે છે –
જિનાલય/તીર્થ/દેવદ્રવ્યનું
જે શ્રાવક ભક્ષણ કરે,
અથવા
બીજા દ્વારા તેનો નાશ થતો હોય,
તેની ઉપેક્ષા પણ કરે તે મૂર્ખ છે.
તે જીવવા તો ઈચ્છે છે,
પણ હળાહળ ઝેર પીવે છે,
તેમાં કોઈ જ શંકા નથી.

શત્રુંજય પર ભગવાન ભરાવવા મળે
તો 'લાખો'ની તૈયારીવાળા
અને ત્યાં જિનાલય કરવાની છૂટ મળે તો
'કરોડો'ની તૈયારીવાળા શ્રાવકોને ય
રક્ષા માટે કેટલાની તૈયારી છે ?
**બનાવવાનો શ્રેષ્ઠ ઉલ્લાસ અને**
**બચાવવાનો શૂન્ય ઉલ્લાસ**
આનું ફળ ઘોર આશાતનાઓ અને તીર્થવિનાશ
સિવાય બીજું શું હોઈ શકે ?
આપણે જેમના માટે કરીએ છીએ
એમને જ સાંભળવા-સમજવા માગતા નથી.
આ જ આપણી મોટી કમનસીબી છે.

## અધૂરી સમજ

जमुवेहंतो पावइ साहू वि भवं दुहं च सोऊणं ।
संकासमाइयाणं को चेइयदव्वमवहरइ ॥

પરમ પાવન શ્રી પુષ્પમાલા ગ્રંથમાં મલધારી
શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા કહે છે –
જિનાલય/તીર્થ/દેવદ્રવ્યની ઉપેક્ષા કરે
તો સાધુ પણ અનંત સંસાર અને
દુ:ખની પરંપરા પામે છે.
સંકાસ વગેરેની કથામાં
એના ભયાનક ફળ બતાવ્યા છે,
તો આ હકીકતને સાંભળીને
કોણ ચૈત્યદ્રવ્યને લૂંટે ?

## સીધી નરક

धम्मं सो न याणेइ, जिणं वा वि जिणागमं ।
भक्खेइ जो उविक्खेइ, जिणदव्वं तु सावओ ॥
अहवा णरयाउयं तेण, बद्धं चेव ण संसओ ।
तत्तो वि सो चुओ संतो, दारिद्देण ण मुच्चइ ॥

પરમ પાવન શ્રી શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથમાં કહ્યું છે –
જે શ્રાવક યા જિનદ્રવ્ય-જિનાલય,
તીર્થ વગેરે સંપત્તિનું
સ્વયં ભક્ષણ કરે
યા બીજા દ્વારા ભક્ષણ કરાતું હોય,
તેની ઉપેક્ષા કરે,
તો એ
નથી ધર્મને સમજ્યા,
નથી જિનેશ્વર ભગવાનને સમજ્યા
ને નથી તો જિનાગમને સમજ્યા.
યા તો એમણે નક્કી નરકનું આયુષ્ય બાંધી લીધું છે,
નક્કી એ નરકમાં જશે,
ને ત્યાંથી નીકળીને પણ
કોઈ ભવમાં ગરીબીથી નહીં બચી શકે.

## ખતરાની ઘંટી

चेइयदव्वविणासे तद्दव्वविणासणे दुविहभेए ।
साहू उवेक्खमाणो अणंतसंसारिओ भणिओ ॥ ४१५ ॥

ઉપદેશપદ ગ્રંથમાં ૧૪૪૪ ગ્રંથ કર્તા
પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા
જો ચૈત્યદ્રવ્યને યોગ્ય દેખરેખના અભાવે
પોતાની મેળે નાશ થતો હોય
કે પછી બીજાના લૂંટવા દ્વારા નાશ થતો હોય,
તો બધી શક્તિ લગાડીને તેની રક્ષા કરવી જોઈએ.
શ્રાવકે પણ રક્ષા કરવી જોઈએ
અને પ્રેરણા વગેરે કરવા દ્વારા સાધુએ પણ
રક્ષા કરવી જોઈએ,
જો સાધુ પણ એની ઉપેક્ષા કરે
તો એમનો પણ અનંત સંસાર થાય છે.
તો શ્રાવકોનો તો સુતરાં અનંત સંસાર થવાનો.

## ગિરિરાજ ગુંજન

અઈમુત્તા મુનિ હવે
અઈમુત્તા કેવળજ્ઞાની બન્યા છે.
નારદ ઋષિ એમને
શત્રુંજય ગિરિરાજનો મહિમા પૂછે છે
અને કેવળજ્ઞાની ભગવાન
શત્રુંજય ગિરિરાજની આરાધનાનું ફળ કહે છે –
पूआकरणे पुण्णं
एगगुणं सयगुणं च पडिमाए ।
जिणभवणेण सहस्सं
ऽणंतगुणं पालणे होइ ॥
શ્રીશત્રુંજય ગિરિરાજ પર પૂજા કરવાથી
એક-ગણું પુણ્ય મળે છે.
જિનપ્રતિમા ભરાવવાથી સો-ગણું પુણ્ય મળે છે.
ત્યાં જિનાલય બંધાવવાથી હજારગણું મળે છે,
અને શત્રુંજય ગિરિરાજની રક્ષા કરવાથી
અનંતગણું પુણ્ય મળે છે.
પરમ પાવન શ્રીશત્રુંજય લઘુકલ્પ ગ્રંથ
– ગાથા નં.૧૪

## રક્ષામાં આપણું શું ?

जिणपवयणवुड्ढिकरं, पभावगं णाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, परित्तसंसारिओ होइ ॥ ४१७ ॥

ઉપદેશપદ ગ્રંથમાં
૧૪૪૪ ગ્રંથકર્તા
પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે –
જિનદ્રવ્ય-મિલકતરૂપે,
દેરાસરરૂપે કે તીર્થરૂપે હોય,
તે જિનશાસનની વૃદ્ધિ કરનાર છે,
જ્ઞાન-દર્શનગુણોનું પ્રભાવક છે,
જે એની રક્ષા કરે છે,
એની સંસારની રખડપટ્ટી ટૂંકાઈ જાય છે,
એ ટૂંક સમયમાં
પરમપદ પામે છે.

## તીર્થને લૂંટવું એ પાપ છે – મહાપાપ છે

એટલું તો આપણને સમજાય છે,
આપણે એવું હરગીઝ નથી કરવાના
એવી આપણી સમજ છે.
પણ આ સમજ અધુરી છે.
જ્યારે આપણે એ સમજશું કે
તીર્થ લૂંટાતું હોય એને જોયા કરવું – ઉપેક્ષા કરવી
એ ય મહાપાપ છે, ને એવું હરગીઝ ન કરાય.
ત્યારે એ સમજ સંપૂર્ણ થશે.

જે કામ એટલું બધું મહત્ત્વનું હોય
કે જેના ખાતર વ્રત કે મહાવ્રત પણ
સાઈડમાં મુકી શકાય,
ના, બલ્કે મુકવા જ જોઈએ,
એ કામ ખાતર આપણે આપણા
સંસારને ય સાઈડમાં ન મુકી શકીએ ?
એ કામ ખાતર આપણે
આપણા લોભને અને ધનના મમત્વને ય
સાઈડમાં ન મુકી શકીએ ?

# GIRIRAJ SAYS



## Shame

ववसायफलं विहवो, विहवस्स फलं सुपत्तविणिओगो ।
तयभावे ववसाओ, विहवो वि य दुग्गइणिमित्तं ॥

પરમ પાવન શ્રી શ્રાદ્ધગુણ
વિવરણ ગ્રંથમાં કહ્યું છે –
વ્યવસાયનું ફળ છે વૈભવ. વૈભવનું ફળ છે
શુભ પાત્રમાં વિનિયોગ
તેના અભાવે વ્યવસાય
અને વૈભવ
આ બંને દુર્ગતિનું
કારણ થાય છે.

મારો
આટલો
વિરાટ પરિસર
અને આટલો મોટો
ચડવા-ઉતરવાનો માર્ગ...
પણ બધું સાવ જ મૌન.
જાણે કોઈ સામાન્ય-બિનધાર્મિક
સ્થળ અને પર્વત હોય
એવો જ મારો દેખાવ.
અને માટે જ મારી આસપાસ ને
મારી ઉપર પણ બિન-ધાર્મિક પ્રવૃત્તિઓ
અને આશાતનાની ભરમાર.
તમને કેમ એવો ભાવ નથી થતો
કે મારા પરિસરમાં ને
મારી ઉપર દર દસ ફૂટના અંતરે
એવી અદભૂત
તકતીઓ/બોર્ડો લગાડેલા હોય
કે જે પણ માણસ ત્યાંથી
એક વાર પણ પસાર થાય
તે મારી અસ્મિતા પર ઓવારી જાય.
શાસ્ત્રવચનો અને સરળ ભાષાંતરો....
અજબ ગજબના પ્રભાવની ઘટનાઓ....
આફરીન આફરીન પોકારી જવાય
એવા ઈતિહાસો
આજની તારીખમાં મારા કારણે
જાહેર જનતા પર થતા ઉપકારો...
અઢારે આલમને મારા કારણે
મળતી આજીવિકાઓ...

શાસનના કામમાં
ન આવી
એ સંપત્તિ પણ વિપત્તિ છે
શાસનના કામમાં ન આવી
એ બેલેન્સ આપણને
ભવોભવ ઈમ્બેલેન્સ આપવાની છે.
આપણું ખિસ્સુ ભરેલું હોય અને
શાસનના કામો આર્થિક ખાલીપાના કારણે
અટકી-લટકી પડ્યા હોય
એના જેવી શરમની વાત બીજી કઈ હોઈ શકે ?

તમારી પાસે મારી નવ્વાણુનો Concept છે...
છૂટક જાત્રાનો Concept છે... મારી છાયામાં
ચોમાસું કે ઉપધાન કરાવવાનો Concept છે
મારા પરિસરમાં
ભગવાન ભરાવવાના કે
જિનાલય બનાવવાના
તમારા સપના છે...
ગજા બહારના ચડાવા લઈને
પહેલી પૂજા કરવા સુદ્ધાની તમારી ઈચ્છા છે
૪૦૦-૪૦૦ કિ.મી.થી
વિરાટ સંઘયાત્રા લઈને
આવવાના તમારા પ્લાન છે.
પણ
મારી રક્ષાનો તમારી પાસે
કોઈ Concept જ નથી
જે પ્રથમ કર્તવ્ય છે
એ તમને છેલ્લું કર્તવ્ય પણ લાગતું નથી.
ખોટું ન લગાડો તો એક વાત કહું ?
તમે ખૂબ ભાવથી તમારી 'મા'ને સોનાનો
નેકલેસ પહેરાવી રહ્યા છો
પણ એ જ સમયે એનું ગળું કપાઈ રહ્યું છે
એ તમે જોતા નથી,
યા જોવા માંગતા નથી.
કદાચ જોવાઈ જાય તો ય
'મા'નો જીવ બચાવવો
એ તમને તમારો વિષય લાગતો નથી
ગળું કપાઈ રહ્યું હોય
ત્યાં સોનાના નેકલેસનો શો અર્થ ?
આ પ્રશ્ન તમને જાગતો નથી.
નેકલેસ અને નેક-લેસ
આ બંનેની સમાંતર ચાલી રહેલી
તદ્દન વિચિત્ર પરિસ્થિતિઓમાંથી
હું પસાર થઈ રહ્યો છું
આ બંને પરિસ્થિતિના માટે
તમે જ જવાબદાર છો
પ્લીઝ,
તમારી ઘરેડમાંથી જરા બહાર આવો
અને તમારી 'મા'ની પરિસ્થિતિને સમજો
નેકલેસ બિલકુલ ખોટો નથી
ખરાબ પણ નથી,
એક નહીં, ચાર નેકલેસ પહેરાવજો,
પણ
પહેલા તમારી બધી જ શક્તિ લગાડીને
એનું ગળું કપાતા અટકાવી દો.

## કેમ નહીં ?

चैत्यादिरक्षार्थं प्रत्यनीकनिग्रहेण
प्रतिपन्ननियमभङ्गो न भवति ।

પરમ પાવન શ્રી દ્રવ્યસપ્તતિકા ગ્રંથ કહે છે –
જિનાલય, તીર્થ, દેવદ્રવ્ય વગેરેની
રક્ષા કરવા માટે
શાસનના શત્રુનો નિગ્રહ
કરવો પડે તો ય
શ્રાવક કે સાધુના વ્રતનો
ભંગ થતો નથી.

શું
તમને
ખબર છે?
આપણા દેશમાં
એક મોટો
ટાવર છે.
તેમાં અમુક ધર્મના લોકોને
ત્રણ દિવસ માટે
ખાસ ટ્રેનિંગ આપવામાં આવે છે.
આ ટ્રેનિંગનો વિષય એ હોય છે કે
તે લોકો તેમના તીર્થસ્થાનમાં
જાત્રા કરવા જાય
ત્યારે તેમણે કઈ રીતે જાત્રા કરવી,
શું કરવું, શું ન કરવું વગેરે.
શા માટે તમે મારી જાત્રા માટે
આજ સુધી આવી કોઈ વ્યવસ્થા નથી કરી ?
આ અઢળક જાત્રાળુઓ Fail થાય છે
કારણ કે તેઓ સીધી Exam આપે છે.
તેમણે બિલકુલ Study કર્યો હોતો નથી.
No School... No Tuition....
No Classes... No Syllabus....
No Personal Guidence....
No Study..... Only Exam...
આમાં બીજા ક્યાં Result ની
અપેક્ષા રાખી શકાય ?
ચાલો, ત્રણ દિવસ નહીં તો
એક દિવસની વ્યવસ્થા ખરી ?
કમ સે કમ જાત્રાની આગલી રાતે
ત્રણ કલાકની સુપર ટ્રેનિંગ હોય
એવું પણ કશું જ નહીં ?
શા માટે ?
અને આનું પરિણામ શું આવે ?
ખબર છે ?
Study ની વ્યવસ્થા ન કરવી એ
Fail કરવાની વ્યવસ્થા કરવા બરાબર છે,
જાત્રાની ટ્રેનીંગની
કોઈ જ વ્યવસ્થા ન કરવી
એ આશાતનાઓ થયા કરે
એ માટેની વ્યવસ્થા કરવા બરાબર છે,
મારી વાત તમને સમજાય છે ?

# Giriraj Says



તમને ખબર છે ?
કે ગામ-બહારગામની અઢળક
સ્કૂલો મારી મુલાકાતે આવે છે.
ભલે તેમાં જાત્રાનો ઉદ્દેશ્ય નથી હોતો
પિકનિકનો ઉદ્દેશ્ય હોય છે.
પણ 'તીર્થ' એને કહેવાય કે
જે પિકનિક પર આવેલાને ય
પાવન કરી દે.
એ સ્કૂલોના નિર્દોષ બાળકોને
મારો ખરો પરિચય કરાવી આપે
એવી નથી કોઈ વ્યક્તિ,
નથી કોઈ વ્યવસ્થા,
પાલીતાણા એટલે
તળેટીના પગથિયા અને
થોડી ખાણી-પીણી...
આટલી વ્યાખ્યા લઈને
તેઓ વિદાય થઈ રહ્યા હોય.
ત્યારે તમારું માથું શરમથી
ઝૂકી જવું ન જોઈએ ?
તમે જો સાચી અને સરસ પ્રસ્તુતિ કરતું
એક Auditorium બનાવ્યું હોત,
તો દર વર્ષે લાખો લોકો
**મારા પ્રત્યે અહોભાવ કેળવી શકત**
**ને આજે મારી હાલત આ ન હોત.**

તમે તળેટીમાં આટલા
મકાનો ઊભા કર્યા
પણ એક મકાન જો એવું
ઊભું કર્યું હોત
જેમાં સેંકડો/હજારો લોકોને
મારો મહિમા સમજાવવામાં આવે
મારી ગરિમા અને ગૌરવવંતો
ઇતિહાસ સમજાવવામાં આવે
મારા ઉપાસકોની ઘોર તપસ્યા સાથેની
જાત્રાઓ કહેવામાં આવે
જેને જોઈ - સમજી ને ભલભલાના
રૂંવાડા ખડા થઈ જાય
આંખોમાંથી અનરાધાર
અશ્રુઓ વહેવા લાગે
ને એ માણસ ગમે
તેવો નાસ્તિક હોય તો ય
એ મારો ઉપાસક થઈ જાય.
મારા પ્રત્યેની સૂક્ષ્મ પણ આશાતના કરવી
એના માટે અશક્ય બની જાય.
**તમે જો આવું કરી શક્યા હોત,**
**તો આજે મારી આવી હાલત ન હોત.**

## Why not ?

આમાં શું અશક્ય છે ?
આમાં શું વધુ પડતું છે ?
સાચું કહું ?
હું મૌન છું, માટે માર ખાઉં છું.
મને મુખર થઈ જવા દો,
પછી મારી આશાતના એક ભૂતકાળ બની જશે,
તમારે આવું કાંઈ ન કરવું હોય
અને તમારી ઘરેડની ભક્તિ જ કરે રાખવી હોય,
તો એક અપેક્ષાએ આ ઘોર આશાતનાઓમાં
તમારો પણ ફાળો ન કહેવાય ?

**આજે મારે મોટા**
**ચઢાવાની જરૂર નથી,**
**પણ એવા સમજદાર**
**લાગણીશીલ ભક્તની જરૂર છે**
**જે મારા મૂલોન્મૂલનને**
**કાયમી ધોરણે અટકાવી દે.**

**આજે મારે**
**જાત્રાળુની જરૂર નથી,**
**પણ એવી સપ્રેમ**
**શ્રદ્ધાળુની જરૂર છે**
**જે મારી રક્ષાના વિવેકપૂર્ણ**
**ઉપાયો દ્વારા મારી ખરી જાત્રા કરે.**


આ છે સંસ્કારોની
**અઠવાડિક વેક્સીન...**
કુસંસ્કારોના કોરોનામાં
**પારિવારિક સુરક્ષા...**



**શું તમને આમાંથી કોઇ ફરિયાદ છે?**

- છોકરા મોબાઈલને છોડતા જ નથી.
- છોકરાના સ્વભાવો જીદ્દી અને વિચિત્ર થતા જાય છે.
- છોકરામાં કોમળતા ઓછી થતી જાય છે અને કઠોરતા વધતી જાય છે.
- હવે છોકરાઓમાં વિનય- વિવેક બિલકુલ રહ્યા જ નથી.
- હજી એ નાનો છે તો ય આટલો સામો થાય છે તો મોટો થઈને શું કરશે ?
- એને કહીને કહીને થાક્યા પણ એને ધરમ ગમતો જ નથી.
- શું કરીએ તો એનામાં સારા સંસ્કારો આવે ?

આપના સંતાનોમાં
ગિરિરાજ ભક્તિ,
વિનય, વિવેક,
માતા-પિતાની ભક્તિ,
સારો સ્વભાવ, સદ્ગુણો અને
સંસ્કારોનું સિંચન કરવા
આપ પણ આ સાપ્તાહિકના
સભ્ય બની શકો છો.




ફક્ત દશ રૂપિયામાં
સંસ્કારોનું દશ કરોડનું વળતર,
બાળકો નું સુધરશે જીવતર,
ને સુખી સુખી થશે માવતર,

નહીં તો
આખી જિંદગી રહેશે કળતર,
ને માથે પડશે બધું ભણતર,

એના કરતાં
પામી લો ગુણોનું ગણતર,
ને કરી લો ભવિષ્યનું ચણતર,



**વાર્ષિક લવાજમ**
**૫૦૦ રૂા. પોસ્ટેજ સાથે**



HDFC BANK
A/C NAME: **SAMAST MAHAJAN**
A/C NO: 00062000016635, IFSC Code: HDFC0000006
Branch: Navrangpura Ahmedabad

આપે ગિરિરાજ ગુંજનના સાપ્તાહિકના લવાજમ પેટે બેંકમાં ડિપોઝિટ સ્લીપની નકલ અથવા ઓનલાઇન પેમેન્ટ કર્યું હોય તો સ્ક્રીન શોર્ટ નીચેં નંબર પર વોટ્સઅપ કરી આપશો સાથે આપણું નામ સરનામું, પીનકોડ, વોટ્સઅપ નંબર અને ઇ-મેઇલ એડ્રેસ જણાવશો જેથી અમો આપણે ગિરિરાજ ગુંજન સાપ્તાહિક પોસ્ટના માધ્યમે આપને મોકલી શકીયે.


+91 99743 00912

# શત્રુંજય ગિરિરાજ અને દાદા આદિનાથના ભક્તો માટે પ્લેટિનમ અવસર

આપણે જાત્રાઓ કરી, નવ્વાણુઓ ને ઉપધાનો કર્યા
છ'રિ પાલિત સંઘો ય કાઢ્યા ને ગિરિપૂજનો ય કર્યા
પણ
સૌરાષ્ટ્રની અંદર
શત્રુંજય ગિરિરાજ અને દાદા આદિનાથની ઓળખાણ નકરાવી
ને માટે જ
આજે આ મહાતીર્થમાં
હૃદયદ્રાવક આઘાતજનક આશાતનાઓનો કોઈ પાર નથી



## ઓળખાણ થશે
## તો
## આશાતનાઓ ટળશે.



લાખો લોકોને આ ઓળખાણ કરવા માટે શરૂ થઈ રહ્યું છે.

# ગિરિરાજ ગુંજન




નાના-મોટા સૌનું મનગમતું રંગબેરંગી સચિત્ર બાળ સાપ્તાહિક

જેમાં શત્રુંજય માહાત્મ્ય આદિ પ્રાચીન ગ્રંથોથી માંડીને
વર્તમાનકાળની અદ્‌ભુત ઘટનાઓના આધારે
શત્રુંજય ગિરિરાજ અને દાદા આદિનાથની
ઓળખાણ કરાવવામાં આવશે.
અનેક ગીતાર્થ ગુરુ ભગવંતો આમાં માર્ગદર્શન,
લેખન અને સંશોધન દ્વારા સહયોગ આપી રહ્યા છે.

**જો ગિરિરાજ હજી મૌન રહ્યો તો પછીનું દૃશ્ય જોઈ જ નહીં શકાય.**
**પ્લીઝ, એને ગુંજવા દો. - ગિરિરાજ ગુંજન**

# ગિરિરાજ ગુંજન

નાના-મોટા સૌનું મનગમતું
રંગબેરંગી સચિત્ર બાળ સાપ્તાહિક

## ગિરિરાજની ઓળખાણ કરાવવા દ્વારા
## ગિરિરાજની આશાતનાઓ દૂર કરવાનો પુરુષાર્થ

સૌરાષ્ટ્રના એક લાખ ઘરોમાં નિયમિત-પણે આ સાપ્તાહિક
મોકલવામાં આવે તો મહાતીર્થરક્ષાનું
આ કાર્ય ખૂબ સરળ બની જાય.

ગીતાર્થ ગુરુ ભગવંતો ઉચિત માર્ગદર્શન આપી રહ્યા છે.
સૌને જકડી રાખે એવી રસપ્રદ ભાષામાં
શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ વગેરેના આધારે લખાણો આપી રહ્યા છે.

અમે મુદ્રણ અને વિતરણ વ્યવસ્થા કરવા માટે સજ્જ બન્યા છીએ.
આપ શું સહયોગ આપી શકશો ?

સૌરાષ્ટ્રના કમ સે કમ ૧ ઘરનું
**વાર્ષિક લવાજમ રૂા. 500 (પોસ્ટેજ સાથે)**
આપના તરફથી ભરી આપ આ અણમોલ લાભ લઈ શકો છો.

આ પણ ગિરિરાજની અને દાદાની એક બહુ મોટી સેવા છે.
હાલ આ મહાતીર્થને આવા પ્રકારની સેવાની જ જરૂર હોવાથી
આ એક ઉત્કૃષ્ટ લાભ બની શકે છે.

શાશ્વત ગિરિરાજ અને દાદા આદિનાથ પ્રત્યેની પરમ ભક્તિ સંવેદના સાથે
૧૧ રત્નસ્તંભનું એક સાથે દાન-આપનાર
માતુશ્રી કમળાબેન લીલાચંદભાઈ વેલાણી ખારીચાવાળા હ. રક્ષાબેન દિલીપકુમાર

સુવર્ણસ્તંભ : વેલાણી રાજેશકુમાર પુનમચંદભાઈ ખારીચાવાળા
રજતસ્તંભ : પ્રભાવતીબેન નાથાલાલ શાહ

આપની સંવેદનાને અમારા લાખ લાખ વંદન.

## પાલીતાણા શહેરમાં અને આજુબાજુના ૭૮ ગામોમાં
## આનો બહોળો પ્રસાર થાય એ માટે આ યોજના પ્રસ્તુત છે.

| | |
|---|---|
| રત્ન સ્તંભ લાભાર્થી | ૧,૦૦,૦૦૦ રૂા. |
| સુવર્ણ સ્તંભ લાભાર્થી | ૫૧,૦૦૦ રૂા. |
| રજત સ્તંભ લાભાર્થી | ૨૧,૦૦૦ રૂા. |
| આધાર સ્તંભ લાભાર્થી | ૧૧,૦૦૦ રૂા. |
| આધાર શિલા લાભાર્થી | ૫,૦૦૦ રૂા. |
| કૂર્મ શિલા લાભાર્થી | ૧,૦૦૦ રૂા. |
| પુણ્ય શિલા લાભાર્થી | ૫૦૧ રૂા. |
| પાવન શિલા લાભાર્થી | ૧૦૧ રૂા. |
| પુનિત શિલા લાભાર્થી | ૫૧ રૂા. |
| પવિત્ર શિલા લાભાર્થી | ૧૧ રૂા. |

ગિરિરાજ ગુંજન - YouTube Channel પરથી પ્રસિદ્ધ થનારા વિડીયો જોવા માટે બાજુનો QR Code Scan કરી ગિરિરાજ ગુંજન - YouTube Channelને Subscribe કરો અને ઘંટડીના બટન પર ક્લીક કરો.

ગિરિરાજ ગુંજન - ગુજરાતી - હિન્દી - Englishમાં Epaper વાંચવા માટે બાજુનો QR Code Scan કરો.

ગિરિરાજ અને દાદાના આર્થિક રીતે નાનામાં નાના ભક્તનું પણ લાગણીથી આપેલું દાન આ આયોજનને ચૈતન્યથી ધબકતું બનાવી દેશે.
માટે આ યોજનામાં ૧૧ રૂા. સુધીની યોજના મૂકેલ છે. સૌ પોતાની શક્તિ અનુસાર લાભ લે અને ગિરિરાજ અને દાદાના એક પણ ભક્ત બાકી ન રહે એવી ખાસ વિનંતી.

**આશીર્વાદ અને માર્ગદર્શનદાતા**
**અનેક સમુદાયના ગીતાર્થ ગુરુ ભગવંતો**

**અનુભવ**
ગિરિરાજ પરિસરને સદ્ભાવ અને ભક્તિ પરિસર બનાવવાના અનેકાનેક પ્રયાસો

સંપર્ક : અમદાવાદ : સુશ્રાવકશ્રી રાજુભાઈ શાહ, મો. ૯૪૨૬૦૫૦૦૪૧, સુશ્રાવકશ્રી કૃણાલભાઈ શાહ, મો.૯૭૧૨૯૦૩૫૩૩
મુંબઈ : જીમિતભાઈ દોશી - ૮૯૨૮૪૫૭૭૪૬

આયોજક : ગિરિરાજ ગુંજન
સમસ્ત મહાજન, ૪, સાનિધ્ય બિલ્ડિંગ,
ગ્રાઉન્ડ ફ્લોર, સંન્યાસ આશ્રમની સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સંપર્ક : 9974300912

A/c Name : Samast Mahajan
Bank Name : HDFC Bank
Branch : Navrangpura Branch, Ahmedabad
A/c No. : 00062000016635
IFSC : HDFC0000006

**ગિરિરાજ ગુંજન ત્રણ ક્ષેત્રે કાર્યરત રહેશે.**
(૧) સાપ્તાહિક રૂપે ઘરે ઘરે પહોંચશે. (૨) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા વિસ્તૃત રૂપે જિનશાસન અને ગિરિરાજનો પરિચય કરાવશે. (૩) સદ્ભાવના શિબિરો દ્વારા રૂબરૂ આયોજન પણ કરશે...... આ સર્વે લાભ દાતાઓને પ્રાપ્ત થશે.